| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખઃ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| ફેસલ તારીખઃ | ૦૬/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૨ | ૧૦ |

**મહેરબાન ઓલપાડના એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં.૯૫૫/૨૦૨૬**

**આંકઃ**

ફરીયાદી : સ ર કા ર શ્રી

(કીમ પો.સ્ટે.એ–ગુ.ર.નં.૧૧૨૧૪૦૬૮૨૫૦૬૨૨/૨૦૨૫)

**વિરૂધ્ધ**

આરોપી : શાહીન W/o.અરબાજ નસીમખાન પઠાણ

રહે. ફલેટ નં.બી/૧૦૪, કોહીનુર કોમ્પલેક્ષ,

કીમ ચોકડી, તા.માંગરોળ, જિલ્લો સુરત.

| | | |
|---|---|---|
| ફરીયાદી તરફે | : | એ.પી.પી.શ્રી કે.આર.ભુંગળ |
| આરોપી તરફે | : | વિ.વ.શ્રી ડી.વાય.મૈસુરીયા |

**<u>ગુનોઃ–</u> <u>ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૭૫, ૭૮, ૩૫૧ (૪), ૩૫૨ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૬૭ મુજબ.</u>**

**–:ચુ કા દો:–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૬/૦૭/૨૦૨૫ ના કલાક ૧૪/૨૬ થી તા.૧૨/૦૮/૨૦૨૫ ના

કલાક ૧૭/૦૯ દરમ્યાન આ કામની ફરીયાદીબેનના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. aaru.gullapi પર આરોપીબેને પોતાના પિતા મુખતાર મોહમદ રફીક પઠાણના ઈ–મેઈલ આઈ.ડી. pmukhtiyar03@gmail.com પરથી nannu888888 તથા rizvan.77665 નો ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. બનાવી તેના માધ્યમથી ફરીયાદીના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ઉપર અસ્લીલ ફોટાઓ મોકલી તેમજ ખોટી રીતે બદનામ કરવાના ઈરાદે બિભત્સ મેસેજો કરી માનસીક હેરાનગતી કરી જાતિય સતામણી કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૭૫, ૭૮, ૩૫૧ (૪), ૩૫૨ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૬૭ અન્વયેનું ગુનાહિત કૃત્ય કરેલ હોય, ગુનો કર્યાની ફરીયાદ કીમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અને તેની તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવેલી, જેથી ત.ક.અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આ કામે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપી સમન્સ આધારે અદાલતમાં હાજર થતાં સૌપ્રથમ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવાની ખાત્રી કર્યા બાદ આંક–૪ થી ઉપરોકત ગુન્હાઓનુ તહોમતનામુ કોર્ટ દ્વારા ફરમાવવામા આવેલ અને ત્યારબાદ સદરહુ તહોમતનામુ આરોપીને વાંચી, સંભળાવી, આરોપીની સદરહુ તહોમતનામા અંગે આંક–૫ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષે પુરાવાઓ નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવોઃ–**

| અ.નં. | આંક | ફરીયાદી/સાહેદોની વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | ફરીયાદી ગુલાબશા નસિમખાન પઠાણની જુબાની. |

**દસ્તાવેજી પુરાવોઃ–**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૮ | એફ.આઈ.આર. |
| (૨) | ૦૯ | શરીર સ્થિતિનું પંચનામું. |
| (૩) | ૧૦ | કલોઝીંગ પુરસીસ. |

**(૪)** આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા, આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે તેઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રજુ થયેલ ન હોય આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૫)** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ તેઓની મૌખિક દલીલમા એવી રજુઆત કરેલ છે કે, આ કામમા તપાસાયેલા ફરીયાદી તથા સાહેદની જુબાની ધ્યાને લઈ યોગ્ય તે હુકમ કરવા વિનંતી કરેલ છે.

**(૫.૧)** આરોપીના વિ.વ.શ્રીનાઓએ તેઓની મૌખિક દલીલોમા એવી રજુઆત કરેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષ આરોપીઓ સામેના ગુનાના આક્ષેપો નિઃશંકપણે ઠોસ પુરાવાથી પ્રોસીકયુશન સાબીત કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા રજુઆત કરવામા આવેલ છે.

**(૬)** રજુ કરેલ પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

૧. શું ફરીયાદ પક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૬/૦૭/૨૦૨૫ ના કલાક ૧૪/૨૬ થી તા.૧૨/૦૮/૨૦૨૫ ના કલાક ૧૭/૦૯ દરમ્યાન આ કામની ફરીયાદીબેનના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. aaru.gullapi પર આરોપીબેને પોતાના પિતા મુખતાર મોહમદ રફીક પઠાણના ઈ–મેઈલ આઈ.ડી. pmukhtiyar03@gmail.com પરથી

nannu888888 તથા rizvan.77665 નો ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. બનાવી તેના માધ્યમથી ફરીયાદીના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ઉપર અસ્લીલ ફોટાઓ મોકલી તેમજ ખોટી રીતે બદનામ કરવાના ઈરાદે બિભત્સ મેસેજો કરી માનસીક હેરાનગતી કરી જાતિય સતામણી કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૭૫, ૭૮, ૩૫૧ (૪), ૩૫૨ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૬૭ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૭)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**// <u>કા ર ણો</u> //**

**<u>મુદ્દા નં.૧ અને ૨:-</u>**

**(૮)** ફરીયાદ પક્ષે આંક-૦૭ થી ફરીયાદી ગુલાબશા નસિમખાન પઠાણને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તેઓની ફરીયાદમા જણાવેલ સરનામે તેઓના પરિવાર સાથે રહે છે. તેઓએ બી.એડ. સુધીનો અભ્યાસ કરેલ છે અને હાલમાં પી.કે.દેસાઈ સ્કુલમાં ધોરણ ૧ થી ૮ માં અંગ્રેજી તેમજ સામાજીક વિજ્ઞાનનો વિષય ભણાવે છે. તેઓના પિતાજી ભંગારની દુકાન ચલાવી તેઓના પરીવારનું ગુજરાન કરે છે. તેઓ ચાર ભાઈ બહેન છે. તેઓ સને-૨૦૨૫ થી મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે અને તેઓની ઈન્સ્ટા આઈ.ડી. aaru.gullapi નો તેઓના ફોનમા ઉપયોગ કરે છે. આ બનાવ બન્યાના પાંચેક મહીના પહેલા તેઓ અભ્યાસ અર્થે કામરેજ ખાતે આવેલ ખોલવડ કોલેજમાં જતી હતી. તે વખતે તેઓને તેમના મીત્રો થકી હાલના આરોપી અને તેઓની વચ્ચે મિત્રતા હોય તે તે તેઓ વિશે ખોટી વાતો કરતો હતો. જેથી તેઓએ હાલના આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી. આ સિવાય બીજુ કંઈ બનેલ નથી. તેઓને અસલ

એફ.આઈ.આર. બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી રહેલી છે જે અસલ એફ.આઈ.આર.આંક–૮ થી રજુ છે. આ કામના આરોપીને તેઓ બનાવ પહેલાથી ઓળખે છે.

સદર ફરીયાદી ફરીયાદમાં આરોપી સામે કરેલ આક્ષેપીત હકીકતને સમર્થન આપતા ન હોય સદર ફરીયાદીને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓએ ફરીયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ ફરીયાદીની આરોપી તરફે ઉલટ તપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ હકીકત સ્વીકારેલ છે કે, હાલના આરોપી અને તેઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમા જણાવેલ ઈન્સ્ટા આઈ.ડી.મા અપલોડ કરેલ મેસેજ, ફોટા કે વીડીયો હાલના આરોપીએ કરેલ હોય તેવુ તેઓની નજરે જોયેલુ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ અજાણી આઈ.ડી. ની હકીકતોના આધારે હાલની આ કહેવાતી ફરીયાદમાં જણાવેલી હકીકતો લખાવેલી.

ફરીયાદી પક્ષે ઉપરોકત મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>–: તારણ :–</u>**

(૯) ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા વંચાણે લીધા. તે સાથે ફોજદારી કાર્યવાહીમાં કરવામાં આવેલ પુરાવાના મુલ્યાંકન વિશે જોઈએ તો, કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતનોને નિઃશંકપણે પુરવાર કરવી પડે. જેથી ફરીયાદ પક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઈએ કે, આરોપીએ જે ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષને પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસેલા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી. પરંતુ જો ફરીયાદપક્ષના એકપણ સાહેદ ફરીદાલપક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીએ ગુનો કરેલ હોવાનુ પુરવાર કરતા

હોય તથા તેવા સાહેદ વિશ્વસનીય અને આધાર રાખવા લાયક હોય તો તે પુરતુ છે, પરંતુ જો ફરીયાદી પક્ષના કેસની હકીકતો ઉપર વ્યાજબી શંકા ઉભી થાય તો તેનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર છે.

**(૧૦)** આ કામના આરોપી સામેના આક્ષેપીત ગુના ધ્યાને લેતા બનાવના દિવસે આ કામની ફરીયાદીબેનના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. aaru.gullapi પર આરોપીબેને પોતાના પિતા મુખતાર મોહમદ રફીક પઠાણના ઈ–મેઈલ આઈ.ડી. pmukhtiyar03@gmail.com પરથી nannu888888 તથા rizvan.77665 નો ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. બનાવી તેના માધ્યમથી ફરીયાદીના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ઉપર અસ્લીલ ફોટાઓ મોકલી તેમજ ખોટી રીતે બદનામ કરવાના ઈરાદે બિભત્સ મેસેજો કરી માનસીક હેરાનગતી કરી જાતિય સતામણી કરેલ હોવાનો આક્ષેપ છે.

**(૧૧)** આરોપી સામેના ગુનાની જોગવાઈ ધ્યાને લેતાં આ તબક્કે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૭૫, ૭૮, ૩૫૧ (૪), ૩૫૨ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૬૭ ધ્યાને લેવી આવશ્યક જણાય આવે છે જે નીચે મુજબ છે.

– **કલમઃ૭૫–જાતીય સતામણીઃ**

(૧) કોઈ પુરૂષ નીચે જણાવેલ પૈકી કોઈ કૃત્ય કરે તો–

(૧) અનિચ્છનીય અને સ્પષ્ટ જાતિય માંગણીઓ સમાવિષ્ટ હોય તેવો શારીરિક સંપર્ક અને ગેરલાભ લે, અથવા

(૨) જાતિય સહકારની માંગણી અથવા વિનંતી કરે, અથવા

(૩) કોઈ સ્ત્રીની ઈચ્છા વિરૂદ્ધ અશ્લિલ સાહિત્ય બતાવે, અથવા

(૪) જાતિય કામુક ટીપ્પણી કરે,

તો તે જાતિય સતામણીના ગુના માટે દોષિત ઠરશે.

(૨) જે કોઈ પુરૂષ પેટા–કલમ (૧) ના ખંડ (૧) અથવા ખંડ (૨) અથવા ખંડ (૩) માં ઉલ્લેખિત ગુનો કરે તેને ૩ વર્ષ સુધીની સખત કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

– **કલમઃ૭૮–પીછો કરવાઃ**

(૧) જે કોઈ પુરૂષ કે જે –

(૧) સ્ત્રીનો પીછો કરે અને સંપર્ક કરે, અથવા એવી સ્ત્રીનો સ્પષ્ટ અસ્વીકારનો સંકેત હોવા છતાં એવી સ્ત્રીનો વારંવાર વ્યકિતગત રીતે સંપર્ક કરવાનો પ્રયત્ન કરે, અથવા

(૨) સ્ત્રી દ્વારા ઉપયગ કરતા ઈન્ટરનેટ, ઈ–મેઈલ અથવા અન્ય બીજા ઈલેકટ્રોનિક સંચારની દેખરેખ રાખે,

તો તે પીછો કરવાનો ગુનો કરે છે.

પરંતુ, એવી જોગવાઈ કરવામાં આવી છે કે આવા પ્રકારનું આચરણ પીછો કરવાનું ગણાશે નહી, જો કોઈ વ્યકિત સાબિત કરે કે–

(૧) ગુનો અટકાવવા અથવા તપાસના હેતુસર અને રાજય દ્વારા પીછો કરનાર આરોપી વ્યકિતને ગુનો અટકાવવાની અને તપાસની જવાબદારી સોંપવામાં આવી હતી તેથી પીછો કરવામાં આવ્યો હતો, અથવા

(૨) કોઈ કાયદા હેઠળ અથવા કોઈ વ્યકિત દ્વારા કોઈ કાયદા હેઠળ કોઈ શરત અથવા જરૂરીયાતનું પાલન કરવા પીછો કરવામાં આવ્યો હતો, અથવા

(૩) કોઈ ચોકકસ સંજોગોમાં આવું આચરણ વ્યાજબી અને યોગ્ય હતું.

(૨) જે કોઈ વ્યકિત પીછો કરવાનો ગુનો કરે તેને, પ્રથમવાર દોષિત ઠર્યે, ૩ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે, અને બીજીવાર અથવા ત્યાર પછી દોષિત ઠરે તો તેને ૫ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

– **કલમઃ૩૫૧–ગુનાહિત ધમકીઃ**

(૪) જે કોઈ વ્યકિત, નનામા પત્રથી અથવા ધમકી આપનારનું નામઠામ છપાવીને, સાચવતી રાખીને ગુનાહિત ધમકી આપે, તેને પેટા–કલમ (૧) હેઠળના ગુના માટે ઠરાવેલી શિક્ષા ઉપરાંત બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે.

– **કલમઃ૩૫૨–સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબતઃ**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવા સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યક્તિ, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યક્તિનું કોઈપણ રીતે અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

– **ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૬૭ઃ**

**67. Punishment for publishing or transmitting obscene material in electronic form. -**

Whoever publishes or transmits or causes to be published or transmitted in the electronic form, any material which is lascivious or appeals to the prurient interest or if its effect is such as to tend to deprave and corrupt persons who are likely, having regard to all relevant circumstances, to read, see or hear the matter contained or embodied in it, shall be punished on first conviction with imprisonment of either description for a term which may extend to three years and with fine which may extend to five lakh rupees and in the event of second or subsequent conviction with imprisonment of either description for a term which may extend to five years and also with fine which may extend to ten lakh rupees.

(૧૨) ઉપરોકત ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસ વંચાણે લેતાં, આ કામે આંક–૦૭ થી તપાસવામાં આવેલ ફરીયાદી ગુલાબશા નસિમખાન પઠાણનો પુરાવો ધ્યાને લેતા તેઓએ તેમના પુરાવામાં તેઓ સને–૨૦૨૫ થી મોબાઈલ

ફોનનો ઉપયોગ કરે છે અને તેઓની ઈન્સ્ટા આઈ.ડી. aaru.gullapi નો તેઓના ફોનમા ઉપયોગ કરે છે. આ બનાવ બન્યાના પાંચેક મહીના પહેલા તેઓ અભ્યાસ અર્થે કામરેજ ખાતે આવેલ ખોલવડ કોલેજમાં જતી હતી. તે વખતે તેઓને તેમના મીત્રો થકી હાલના આરોપી અને તેઓની વચ્ચે મિત્રતા હોય તે તેઓ વિશે ખોટી વાતો કરતો હતો. જેથી તેઓએ હાલના આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી. આ સિવાય બીજુ કંઈ બનેલ નથી. તેઓએ આંક–૦૮ થી એફ.આઈ.આર. આપેલ હોવાનું જાહેર કરેલ છે. તેઓની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ હાલના આરોપી અને તેઓ વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાનુ, તેઓએ તેમની ફરીયાદમા જણાવેલ ઈન્સ્ટા આઈ.ડી.મા અપલોડ કરેલ મેસેજ, ફોટા કે વીડીયો હાલના આરોપીએ કરેલ હોય તેવુ તેઓની નજરે જોયેલુ નહી હોવાનુ, તેઓએ અજાણી આઈ.ડી. ની હકીકતોના આધારે હાલની આ કહેવાતી ફરીયાદમાં જણાવેલી હકીકતો લખાવેલી હોવાનું જાહેર કરેલ છે. જેથી ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ફરીયાદીના ફરીયાદમાં જણાવેલ આઈ.ડી. પર મેસેજીસ આવેલ હોવાનુ જણાય છે પરંતુ ફરીયાદીની ઉલટ તપાસ તથા મૌખિક પુરાવો ધ્યાને લેતા ફરીયાદી દ્રારા આરોપી સામેના મહત્વના આક્ષેપો અંગે સમર્થન કરેલ ન હોય તેઓ ફરી ગયેલા જાહેર થયેલ છે અને આરોપી પક્ષે કરેલ ઉલટ તપાસ ધ્યાને લેતા ફરીયાદીના પુરાવા આધારે આરોપીને તકસીરવાન ઠરાવવુ ન્યાયોચીત જણાય આવતુ નથી.

**(૧૨.૧)** ફરીયાદી પક્ષે આંક–૦૯ થી શરીર સ્થિતિનું પંચનામું રજુ કરેલ છે જે પંચનામાને આંકે આપવા સામે વાંધો નહી હોવાનું આરોપી પક્ષે શેરો કરેલ છે. સદર પંચનામાની હકીકતને ધ્યાને લેતાં એક તબકકે સદર પંચનામાની હકીકતો ગ્રાહય રાખવામા આવે તો પણ સાહેદની જુબાનીને ધ્યાને લેતાં સદર પંચનામાની હકીકત અન્વયે આરોપીને તરસીરવાન ઠરાવી શકાય નહી. ઉપરોકત મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ ફરીયાદ પક્ષે સદર ગુનાના કામે વધુ પુરાવો આપવા નહી માંગતા હોવાનુ જાહેર કરી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

**(૧૩)** આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં હાથ પરના કેસમાં ફરીયાદ પક્ષે રજુ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદીની જુબાની ધ્યાને લેતા સૌપ્રથમ આ કામના ફરીયાદી કેસની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર થયેલ છે. વધુમાં આરોપી સામે બનાવ અન્વયે જે આક્ષેપ કરેલ છે તે અન્વયે ફરીયાદીએ સોગંદ પર જાહેર કરેલ છે કે, તેઓએ અજાણી આઈ.ડી. ની હકીકતોના આધારે હાલની આ કહેવાતી ફરીયાદમાં જણાવેલી હકીકતો લખાવેલી. જેથી સદર કેસમાં રજુ પુરાવા ધ્યાને તથા વંચાણે લેતા ફરીયાદ પક્ષ દ્વારા આરોપી સામેનો આક્ષેપીત ગુનાના મહત્વના તત્વો ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં જયુરીશપુડન્સના કાયદાના સિધ્ધાંત અનુસાર ફરીયાદ પસે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને આરોપીએ માત્ર બચાવ કરવાનો છે તેમજ આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ જે હાથ પરના કેસમાં સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપીને તેઓની સામેના આક્ષેપીત ગુના અન્વયે વ્યાજબી શંકાનો લાભ મળવો ન્યાયોચીત જણાતુ હોય મુદ્દા નં.૧ પરત્વેનો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>– : આખરી હુકમ : –</u>

**(૧)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧ (૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૭૫, ૭૮, ૩૫૧ (૪), ૩૫૨ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૬૭ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી આ કામના આરોપીને વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કામે મુદ્દામાલ પાવતીમા જણાવ્યા મુજબ કબજે લેવામા આવેલ મુદ્દામાલ મોબાઈલ અંગે અગાઉ કરવામાં આવેલ હુકમ કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૬/૨૦૨૬.
સ્થળ ઓલપાડ.

(દીપ્તી મૌલિક પંડયા)
એડી.સીની.સીવીલ જજ અને
અડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ-01290